PATAN : 230068, 220808, 230808
: 221347

E-mail : dptco123@gmail.com
Website : dpthakker.com

**D.P.THAKKER & co.**
TAXCONSULTANTS
"SHREE KUNJ" STATION ROAD
PATAN (N.G.) 384265

------------------------------------------------------------------------------------

# GST CIRCULAR No.1/2021

તા: ૦૮/૦૧/૨૦૨૧

ભાઈશ્રી,

તા.૦૧/૦૧/૨૦૨૧ થી GST કાયદામાં આવેલા અગત્યના ફેરફારો ની વિગત નીચે મુજબ છે.

## ૧) ત્રિમાસિક પત્રક:-

૧) જે વેપારીઓ એ LUPSUM નો ઓપ્શન લીધેલ ન હોય અને તેમનું F.Y.૨૦૧૯-૨૦ નું કુલ ટર્નઓવર પાંચ કરોડ થી વધારે ન હોય તેવા વેપારીઓ તા.૦૧/૦૧/૨૦૨૧ થી ત્રિમાસિક રીટર્ન ભરી શકશે પણ તેમણે ટેક્ષ દર મહીને જ ભરવાનો છે. એટલે દર મહીને ખરીદ-વેચાણના આંકડા જેમ મોકલો છો તેમ અમને મોકલવા જેથી ભરવાપાત્ર ટેક્ષનું ચલણ બનાવીને મોકલી શકાય.

૨) આવા વેપારીઓ એ GSTR-1 તથા GSTR-3B બંને રીટર્ન ત્રિમાસિક ભરવાના રહેશે. સરકારશ્રી એ પાંચ કરોડ થી ઓછુ ટર્નઓવર વાળા વેપારીઓ નાં કેસમાં ત્રિમાસિક ઓપ્શન Online આપી દીધેલ છે.

૩) જે વેપારીઓ ત્રિમાસિક રીટર્ન ભરવાનો ઓપ્શન સ્વીકારે તે વેપારીઓ જેમને વેચાણ કરશે તે વેપારીઓ ના કેસ માં તેમને આવી ખરીદીઓની TAX CREDIT ત્રણ મહીને ત્રિમાસિક પત્રક ભરતા વેપારીઓ GSTR-1 અપલોડ કરશે ત્યારે મળશે.

૪) ત્રિમાસિક રીટર્ન ભરતા વેપારીઓ દર મહીને તેમણે જે વેચાણો કરેલા હોય તેના વેચાણ બીલો Online અપલોડ કરવા હોય તો ત્રણ મહીના દરમ્યાન અપલોડ કરી શકશે અને જે તે મહીનો પૂરો થયેથી પછીના મહીનાથી ૧૩ તારીખ સુધી જે વેચાણ બીલો અપલોડ કરેલા હશે તેની સામેના વેપારીને ક્રેડીટ મલશે.

૫) ત્રિમાસિક ભરવાનો ઓપ્શન સ્વીકારનાર વેપારીઓ દર મહીને પોતાના વેચાણ બીલો અપલોડ કરે તો પણ તેમણે GSTR-1 રીટર્ન ત્રીમાસીક ભરવાનું રહેશે.

૬) અમારી દષ્ટિ એ પાંચ કરોડ નીચેના ટર્નઓવર વાળા વેપારીઓ ત્રિમાસિક રીટર્ન નો ઓપ્શન સ્વીકારશે તો સામે વાળા વેપારીઓ ના કેસ માં તેમને દર મહિના ની આવા વેપારીઓ પાસેથી કરેલ ખરીદી ના ટેક્ષ ની ક્રેડીટ નહિ મળે તેથી તેવા વેપારીઓ આગ્રહ રાખશે કે ત્રિમાસિક પત્રક ભરતા વેપારીઓ દર મહીને તેમના વેચાણ બીલો અપલોડ કરે. આવા સંજોગો માં ખાસ કરીને માર્કેટયાર્ડ ના કાચા આડતીયાઓ એ માસીક રીટર્ન ભરે છે તે ભરવાનું ચાલુ રાખવું જોઈએ .

૭) જે વેપારીઓ નું F.Y.૨૦૧૯-૨૦ નું કુલ ટર્નઓવર રૂપિયા પાંચ કરોડ થી ઓછું હોય તેવા વેપારીઓએ હવે જાન્યુઆરી-૨૦૨૧ થી ત્રિમાસિક રીટર્ન ભરવા છે કે માસીક રીટર્ન ભરવા છે તેની અમને તુરંત જાણ કરવી. જેથી તેમના કેસમાં તે પ્રમાણે નો ઓપ્શન સ્વીકારી શકાય.

## ૨) INPUT TAX CREDIT (ITC) માંગવા માં ફકત 5% ની છૂટ:-

૧) તા.૦૧/૦૧/૨૦૨૧ થી વેપારીઓ તેમનું GSTR-3B નું રીટર્ન ભરે ત્યારે તેમના તે મહિના નાં GSTR-2A માં જે ITC દેખાતી હોય તેના કરતા ૫% વધુ માંગી શકાશે અત્યાર સુધી આ નિયમ ૧૦% ITC વધારે માંગવાનો હતો પરંતુ અત્યાર સુધી વેપારીઓ GSTR-2A માં જે ITC દેખાતી ન હોય તો પણ પોતાના ચોપડા ઉપરથી કુલ ITC ની ક્રેડીટ માંગી લેતા હતા **પણ હવે કાયદો વધુ કડક કરેલ છે અને અધિકારીઓ ને પાવર આપ્યા છે કે જો કોઈ વેપારી GSTR-3B રીટર્ન માં તેના GSTR-2A માં દેખાતી હોય તેના ૫% કરતા વધારે ITC ની ક્રેડીટ માંગશે તો આવા વેપારી નો GST નંબર સસ્પેન્ડ કરી શકશે. એટલે આવા વેપારી ધંધો કરી શકશે નહીં.**

૨) એટલે હવે દરેક વેપારીએ તેમનું GSTR-3B ભરતી વખતે તેમના GSTR-2A/2B માં જે ક્રેડીટ(ITC) દેખાતી હોય તેના ૫% વધુ ITC ગણીને કુલ તેટલીજ ITC માંગવાની રહેશે **અને વધઘટ નું ચલણ ભરવું પડશે.** ત્યારબાદ પછીના મહિનાનું GSTR-3B ભરતી વખતે અગાઉ ના મહિનાની બાકી ITC જો તે મહિના ના GSTR-2A માં દેખાતી હોય તો તેની ક્રેડીટ માંગી શકાશે.

૩) ડીસેમ્બર-૨૦૨૦ નું GSTR-3B ભરવામાં પણ આ નિયમ લાગુ પડે તેવું એક અર્થઘટન છે.

૪) મોટુ ટર્નઓવર ધરાવતા વેપારીઓ રૂા. પાંચ કરોડ થી ઓછું ટર્નઓવર વાળા વેપારીઓ પાસેથી માલ ખરીદશે તો તેમને આવી ખરીદીઓ ના ટેક્ષ ની ક્રેડીટ સામેનો વેપારી ત્રણ મહિને તેનું GSTR-1 રીટર્ન ભરે ત્યારેજ મળી શકશે સિવાયકે સામેનો વેપારી દર મહિના ના તેના વેચાણ બીલો Online GST ડીપાર્ટમેન્ટ ની વેબસાઈટ ઉપર અપલોડ કરે.

## ૩) માસિક રૂા. ૫૦ લાખ થી વધુ ટર્નઓવર વાળા વેપારીઓ એ ફરજિયાત ૧% ટેક્ષ ચલણ થી ભરવાનો નવો નિયમ:-

૧) જે વેપારીઓ નું એક મહિનાનું ટર્નઓવર રૂા.૫૦ લાખ થી વધુ હોય તેવા વેપારીઓ ને આ નિયમ લાગુ પડે છે.

૨) રૂા. ૫૦ લાખ નું ટર્નઓવર ગણવામાં Exempt Supply તથા Zero Rated Supply નહીં ગણાય. એટલે કે જેના ઉપર GST લાગતો નથી તેવા વેચાણો તથા એક્ષપોર્ટ વેચાણો અને SEZ ને કરેલ વેચાણો રૂા. ૫૦ લાખ નું ટર્નઓવર ગણવામાં નહીં ગણાય.

૩) આ નિયમ લાગુ પડતા વેપારીઓ એ દર મહીને તેમને જે GST ઉઘરાવેલો હોય તેની સામે મજરે લેવા પાત્ર ITC ઉઘરાવેલ ટેક્ષ કરતા વધારે હોય તો પણ તેમને જે ITC મજરે મલવાપાત્ર હોય તેની 99% જ ITC ની ક્રેડીટ માંગી શકશે. એટલે કે CGST/SGST/IGST ની જે ITC માંગવાની પણ જો તેમના CASH લેજર માં બેલેન્સ પડેલું હોય તો તેમાંથી આવો ૧% ટેક્ષ એડજસ્ટ કરી શકાશે.

**૪) નીચેના સંજોગો માં વેપારીનું માસિક ટર્નઓવર રૂ|. ૫૦ લાખ થી વધુ હોય (Exempt તથા Zero Rated વેચાણો સિવાય) તો પણ તેમને આ ૧% ટેક્ષ ભરવાની જવાબદારી નહીં આવે.**

૧) પેઢીના પ્રોપરાઈટરે અગાઉના બે નાણાંકીય વર્ષમાં જો રૂ|. ૧ લાખ થી વધુ ઇન્કમટેક્ષ ભરેલ હોય.

૨) ભાગીદારી પેઢી હોય તો પેઢી કે તેના બે ભાગીદારો એ રૂ|. ૧ લાખ થી વધુ ઇન્કમટેક્ષ ભરેલ હોય.

૩) કંપની હોય તો મેનેજીંગ ડાયરેક્ટર કે બે હોલ ટાઇમ ડાયરેક્ટરો એ રૂ|. ૧ લાખ થી વધુ ઇન્કમટેક્ષ ભરેલ હોય.

૪) વેપારીએ આગલા નાણાંકીય વર્ષમાં રૂ|. ૧ લાખ થી વધુ રકમનું GST રીફંડ મેળવેલ હોય. (Export કે Inverted Rate Structure ના કારણે)

૫) ચાલુ નાણાંકીય વર્ષમાં અત્યાર સુધી કરેલ કુલ વેચાણો ના ભરવાપાત્ર GST નો ૧% + ૧% ટેક્ષ કેસ લેજર માંથી ભરેલ હોય.

૬) વેપારી કોઈ ગવર્મેન્ટ ડીપાર્ટમેન્ટ હોય કે લોકલ ઓથોરીટી હોય કે સ્ટેચ્યુટરી બોડી હોય તો તેને આ નિયમ લાગુ પડશે નહીં.

## ૪) E-WAY BILL ની સમય મર્યાદા માં ફેરફાર:-

૧) તા.૦૧/૦૧/૨૦૨૧ થી E-WAY બીલ ની સમય મર્યાદા માં ૫૦% નો કાપ મુકવામાં આવેલ છે એટલે કે હવે ૨૦૦ કિલોમીટર ના અંતર સુધી E-WAY બીલ ની વેલીડીટી એક દિવસ ની રહેશે.

૨) દા.ત.-૩૫૦ કિલોમીટર માટે તા.૦૮/૦૧/૨૦૨૧ નારોજ E-WAY બીલ જનરેટ કરવામાં આવે તો તેની વેલીડીટી તા.૧૦/૦૧/૨૦૨૧ ના રાત્રે-૧૨ વાગે પૂરી થશે.

૩) જો કોઈ કારણસર રવાના કરેલ માલ E-WAY બીલ ની વેલીડીટી દરમ્યાન ડેસ્ટીનેશન ઉપર પહોંચી શકે તેમ ન હોય તો તેનું કારણ આપીને જનરેટ કરેલા E-WAY બીલ ની વેલીડીટી સ્પેશ્યલ સમય મર્યાદામાં ઓનલાઈન વધારી શકાશે.

## ૫) GST નંબર સસ્પેન્ડ કરવાના સ્પેશ્યલ પાવર:-

૧) હવે GST ઓફિસર નીચેના સંજોગો માં વેપારીનો GST નંબર સસ્પેન્ડ કરી શકશે.

૧) વેપારીએ તેના **GSTR-1** રીટર્ન માં જે વેચાણો બતાવેલા હોય તેના કરતા **GSTR-3B** રીટર્ન માં ઓછા વેચાણ બતાવે તો.

૨) જે વેપારીને આગળ (૩) માં લખ્યા મુજબ મીનીમમ ૧% ટેક્ષ ભરવાની જવાબદારી હોય અને જો આ ૧% ટેક્ષ ન ભરે તો.

૩) GSTR-3B રીટર્ન માં તે મહિના નાં GSTR-2A /2B માં દેખાતી હોય તેના ૫% કરતા વધારે ITC ( ટેક્ષ ક્રેડીટ) માંગે તો.



૪) જે વેપારીઓ નો GST નંબર સસ્પેન્ડ કરવામાં આવે તેમને ઓનલાઈન નોટીસ દ્વારા તેની જાણ કરવામાં આવશે અને વેપારીએ તેનો યોગ્ય ખુલાસો આપવાનો રહેશે. વેપારી નો ખુલાસો અધિકારી ને જો યોગ્ય નહીં લાગે તો વેપારી નો નંબર કેન્સલ કરવામાં આવશે. પરંતુ જો વેપારીનો ખુલાસો અધિકારી ને યોગ્ય લાગે તો વેપારી નો નંબર રીવોક કરવામાં આવશે એટલે કે જે તારીખ થી નંબર સસ્પેન્ડ કરવામાં આવેલ હોય તે તારીખ થી પાછો ચાલુ કરી આપવામાં આવશે.

૫) જે વેપારીનો GST નંબર સસ્પેન્ડ કરવામાં આવે તેને કોઈ રીફંડ આપવામાં આવશે નહીં.

## ૬) GSTR-1 રીટર્ન ભરવા ની શરતો:-

૧) જો વેપારીએ પાછળ ના બે મહિના ના GSTR-3B નહીં ભરેલ હોય તો તે GSTR-1 ભરી શકશે નહીં.

૨) ત્રિમાસિક રીટર્ન ભરતાં વેપારીઓ એ જો આગળના ત્રિમાસિક નું GSTR-3B રીટર્ન ભરેલ નહીં હોય તો તે વેપારી GSTR-1 ભરી શકશે નહીં.

૩) જે વેપારીઓ ને ફરજિયાત ૧% ટેક્ષ ભરવાની જવાબદારી આવે છે તેવા વેપારીએ આગળના મહિના નું કે ટેક્ષ પીરીયડ નું GSTR-3B રીટર્ન નહીં ભરેલ હોય તો તે વેપારી GSTR-3B રીટર્ન ભરી શકશે નહીં.

ઉપરોક્ત નવા નિયમો અંગે વધુ કાંઈ સ્પષ્ટતા / સમજ મેળવવા માટે અમારો કોન્ટેકટ કરવો.

લી.

ધીરૂભાઈ - કનુભાઈ

પિયુષભાઈ - નીખીલભાઈ